# 21st Indian Ocean Rim Association Annual Council of Ministers' Meeting

November 17, 2021

# 21મી ઈન્ડિયન ઓસન રિમ એસોસિયેશનની વાર્ષિક મંત્રીમંડળની બેઠક

નવેમ્બર 17, 2021

માનનીય વિદેશ રાજ્યમંત્રી (એમઓએસ), ડૉ. રાજકુમાર રંજન સિંહની આગેવાની હેઠળ 17 નવેમ્બર 2021ના રોજ ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશન (આઈઓઆરએ) ની 21મી વાર્ષિક મંત્રી પરિષદ (સીઓએમ)ની બેઠકમાં ભારતે વર્ચ્યુઅલ રીતે ભાગ લીધો હતો. આઈઓઆરએ સીઓએમ ઢાકામાં હાઈબ્રિડ ફોર્મેટમાં યોજવામાં આવ્યું હતું અને મીટિંગના અંતે ઢાકા કોમ્યુનિકને અપનાવવામાં આવ્યું હતું.

રાજ્યકક્ષાના મંત્રીએ તેમની ટિપ્પણીમાં આ પ્રદેશમાં તેમજ ઈન્ડો-પેસિફિકમાં શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે હિંદ મહાસાગર ક્ષેત્રની સૌથી મોટી અને અગ્રણી સંસ્થા આઈઓઆરએને મજબૂત કરવા માટે ભારતની મજબૂત પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ કરી હતી. તેમણે ડિઝાસ્ટર રિસ્ક મેનેજમેન્ટ (ડીઆરએમ) ના આઈઓઆરએ અગ્રતા ક્ષેત્રોના સંયોજક તરીકે ભારતના યોગદાનને પ્રકાશિત કર્યું હતું. 'કોવિડ-19ની અસર અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં આર્થિક પુનઃપ્રાપ્તિના પરિપ્રેક્ષ્યો' વિષય પર વ્યૂહાત્મક સંવાદ દરમિયાન, કોવિડ-19 રોગચાળા સામે લડવાના ભારતના પોતાના અનુભવની સમીક્ષા પૂરી પાડતા, રાજ્યકક્ષાના મંત્રીએ પ્રથમ પ્રતિસાદકર્તા તરીકે ભારતની સહાયને રેખાંકિત કરી હતી. કોવિડ રોગચાળા દરમિયાન ઈન્ડો-પેસિફિકના વિવિધ દેશોમાં પ્રદેશ અને એકતાની ભાવનામાં તેના અનુભવ અને સંસાધનો શેર કરવા માટે ભારતની તૈયારી પર ભાર મૂક્યો હતો.

આઈઓઆરએને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ એક દેશ તરીકે ભારતે ચાલુ વર્ષ દરમિયાન કેટલીક પહેલ હાથ ધરી હતી જેમાં આઈઓઆરએ સેક્રેટરિયેટને મદદ કરવી, વિવિધ ક્ષેત્રોમાં ક્ષમતાનું ગઠન કરતા વર્કશોપનું આયોજન કરવાનો સમાવેશ થાય છે જેમાં યોગ અને પરંપરાગત દવાઓથી લઈને રિમોટ સેન્સિંગ, યુએનસીએલઓએસ અને ઓશન ડેટા મેનેજમેન્ટનો તથા આઈઓઆરએ હેઠળ વિવિધ મુદ્દા પર ચર્ચા કરવાનો સમાવેશ થાય છે.

રાજ્યકક્ષાના મંત્રીએ બાંગ્લાદેશને આઈઓઆરએનું અધ્યક્ષપદ સંભાળવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે આઈઓઆરએના નવા ડાયલોગ પાર્ટનર તરીકે રશિયન ફેડરેશનનું સ્વાગત કર્યું હતું. તેમણે એમ્બેસેડર સલમાન અલ-ફારીસીને આઈઓઆરએના આગામી સેક્રેટરી-જનરલ (એસજી) તરીકે પસંદ થવા બદલ અભિનંદન પણ આપ્યા હતા અને આશા વ્યક્ત કરી હતી કે સંપૂર્ણ સમય એસજી સંસ્થાને નવી ઉર્જા અને દ્રષ્ટિ પ્રદાન કરવામાં મદદ કરશે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 17, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.